GJVD020280262025

# મે. ૧૩ માં અધિક ચીફ જ્યુડી.મેજી.,શ્રી વી. એસ. પટેલ સાહેબશ્રી સમક્ષ, વડોદરા.

---

**ફોજદારી કેસ નં.** 25577-2025

**આંકઃ**

ફરિયાદીઃ શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઓઃ (૧)જયેન્દ્ર પ્રવિણ સિહ જાદવ રહે. બીડ વિસ્તાર, શેરખી, તા. જી. વડોદરા.
(૨) નરેન્દ્ર પ્રભાતસિંહ ગોહીલ રહે. બીડ વિસ્તાર, શેરખી, તા. જી. વડોદરા.
(૩) શૈલેષભાઈ ભનુભાઈ રાઠોડ રહે. ખેતરમાં હેરંજ ગામ, તા. ખેડા, જી. નડીયાદ.

**ગુન્હોઃ જુગાર ધારા ની કલમ – ૧૨ મુજબ**

## –:: ચુકાદો ::–

આજરોજ ના. નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે અને નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળના તથા નામદાર જીલ્લા અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે આરોપીઓએ ગુન્હો કરેલ હોય આરોપીઓ વિરૂધ્ધ ગુન્હાની ફરિયાદ નોંધીલ તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં જુગાર ધારા ની કલમ – ૧૨ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી. ત્યારબાદ આરોપીઓએ ગુન્હો કબુલ હોવાનું જણાવી અલગથી ગુન્હા કબુલાત પુરશીસ આપેલ છે. ત્યારબાદ સદર ગુન્હા સંબંધેની આરોપીઓની પ્લી અલગ થી નોંધવામાં આવેલ છે જેમાં પણ આરોપીઓએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીઓએ ગુન્હાની કબુલાત કોઇ પણ જાતના દબાણ વગર , સ્વેચ્છાએ કરેલ છે તેની ખાતરી કરવામાં આવ્યા બાદ આરોપીઓની ગુન્હાની કબુલાત નોંધી આ કામે રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે અને આરોપીઓને જુગારધારાની કલમ ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તક્ષિરવાન ઠરાવવામાં આવે છે. આરોપીઓએ ગુન્હાનો એકરાર સ્વેચ્છીક રીતે કરેલ છે અને લેખીત તેમજ મૌખિક રજુઆત કરેલ છે કે તેઓ ગરીબ માણસ છે, પ્રથમ વખત ભૂલ થયેલ છે, કુટુંબ કબીલાવાળા માણસ છે, કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના ઉપર છે, ગુન્હો કરવા બદલ

પસ્તાવો વ્યક્ત કરેલ છે તેમજ ફરી વખત આવો ગુન્હો નહિ કરવાની ખાતરી આપેલ છે. આથી દયા કરવા અરજ ગુજારેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી એવું કોઇ રેકર્ડ રજૂ થયેલ નથી કે આરોપીઓએ અગાઉ ગુન્હો કરેલ હોયલ જેથી આરોપીઓનો પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે તેમજ કુટુંબની જવાબદારી તથા આરોપીઓએ કરેલ પશ્ચાતાપને ધ્યાને લેતા તેમજ આરોપીઓએ આવા પ્રકારનો ગુન્હો નહિં કરવાની ખાતરી આપતા હોવાથી આરોપીઓને સુધરવાની તક આપવી જોઇએઈ આવા સંજોગોમાં આરોપીઓની સામેનું તહોમત તેમજ ગુન્હાની ગંભીરતા અને સજાની જોગવાઇ તેમજ આરોપીઓની રજુઆત ધ્યાને લેતા, આરોપીઓની વિરૂધ્ધ આ પ્રથમ પ્રકારનો હોય , ન્યાયનાં હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **–:: હુકમ ::–**

આરોપીઓ ને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૭૫ અન્વયે જુગાર ધારાની કલમ – ૧૨ મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને **રૂા. ૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા/–) લેખે કુલ્લે રૂા. ૯૦૦/–(અંકે રૂપિયા નવસો પુરા)** નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે.

જો આરોપીઓ દંડ ન ભરે તો, તેઓએ ત્રણ દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

આરોપીઓ ના જામીન ખત અને જાત મુચરકા અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

વધુમાં સદર કામે અપીલ પીરીયડ બાદ રોકડ રકમ સરકારશ્રી ખાતે ખાલસા કરવાનો તથા પ્રતિબંધિત મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ રોજ તારીખ **૦૮ મી** માહે **માર્ચ,** સને **૨૦૨૫** નાં રોજ સ્પેશીયલ મેજીસ્ટ્રેટ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૦૮/૦૩/૨૦૨૫.
સ્થળ:– વડોદરા.

( **વાલજીભાઇ શાંમજીભાઇ પટેલ** )
૧૩ માં એડી.ચીફ.જયુડી.મેજી.
વડોદરા.
**કોડ: જીજે ૦૧૪૮૪**

ડી. આર. વારકે